# ખેરવા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહુર્ત કરાયું

## લોકોના આરોગ્યની સુખાકારી માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે : નાણાં અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લાના ખેરવા ખાતે ૮૯ લાખના ખર્ચે તૈયાર થનાર ખેરવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુર્હુત નાણાં અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે થયુંહતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ભગવાનભાઈ ચૌધરી, વિભાગીય નિયામક કે.બી. પટેલ સહિત આરોગ્યના અધિકારીશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નાણાં અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રાથમિક આરોગ્ય નવીન કેન્દ્રના નિર્માણથી લોકોની આરોગ્યની સુખાકારીમાં વધારો થશે. કુપોષીત માતાઓની સારવાર, કીડનીના રોગો, ડાયાલીસીસ વગેરે સેવાઓ ઉપલબ્ધ બનશે. રાજય સરકારે આરોગ્ય માટે ઝડપથી કાર્યવાહી કરી જિલ્લામાં આરોગ્યકેન્દ્ર તેમજ વડનગર ખાતે મેડીકલ કોલેજ નિર્માણ પામનાર છે.

નાણાં અને આરોગ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે જિલ્લામાં કીડની અને આંખની હોસ્પિટલ થનાર છે આ ઉપરાંત આરોગ્ય માટે જરુરી તમામ સગવડો રાજય સરકાર ઉપલબ્ધ કરાવવા કટિબધ્ધ બનનાર છે.

આ પ્રસંગે જિલ્લાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ઊંઝા ડ્રેનેજ ઘટનામાં જવાબદાર તમામ સામે કાર્યવાહી કરાશે

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતે ૩૦ માર્ચ ૨૦૧૪ના રોજ ડ્રેનેજ ગટર લાઈન સફાઈ દરમિયાન કામ કરતા ત્રણ મજુરોનું ગુંગળાઈને મોત થયું હતું. ઊંઝા અગિયાર ગરનાળા નજીક ઉમિયાનગર પાસીંગ રોડ પાસે પી.સી. સેન્હલ કન્સ્ટ્રકશન કંપની પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ ડ્રેનેજ ગટર લાઈનનું કામકાજ કરવામાં આવતું હતું.

૩૦ માર્ચ ૨૦૧૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગટર લાઈન સફાઈ માટે અંદર ગયેલા ત્રણ કામદારો શ્રી કુવારીયા હરેશભાઈ બાબુભાઈ, કુવારીયા અનિલભાઈ અમરતભાઈ અને ચૌહાણ અનિલભાઈ રતીભાઈનું ગુંગળાઈ જવાથી મોત થયું હતું. આ બાબતે કંપની વિરૂધ્ધ તેમજ રણછોડભાઈ પ્રોજેકટ મેનેજર વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

આ સમગ્ર ઘટનાની પરિસ્થિતિથી વાકેફ થવા માટે તેમજ સ્થિતિ રિપોર્ટ માટે દિલ્હીથી રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગના સભ્યશ્રી વિજયકુમાર તેમજ તેમની ટીમે સ્થળ પર મુલાકાત કરી હતી. શ્રી વિજયકુમારે પોલીસ અધિકારીશ્રીઓ તેમજ વહીવટી તંત્રને આ કેસમાં તપાસમાં પ્રગતિ લાવવા સુચનો કર્યા હતા. આ ઉપરાંત આ કામદારોને ૧ લાખ રૂપિયા સફાઈ વિમા કવચના તેમજ ૧૫૦૦ હજાર રૂપિયા એટ્રોસિટીના મળેલ છે તે બાબતે પણ વિગતે પૃચ્છા કરી હતી.

આ પ્રસંગે શ્રી વિજયકુમારની સાથે મહેસાણા જિલ્લા પ્રાન્ત અધિકારીશ્રી જે.બી. બારૈયા, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી ઊંઝા, જિલ્લા પોલીસના અધિકારીશ્રીઓ, જિલ્લાના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતાં.

# ડીસા શહેરના મોટા ભાગના વિસ્તારો ગંદકીમાં ગરકાવ

## નગરપાલિકાના સફાઈ વિભાગની લાપરવાહી શહેરને ગંદુ બનાવવામાં કારણભુત





ડીસા શહેરમાં ગંદકીની સમસ્યા અંગે નગરપાલિકા તંત્ર સદંતર નિષ્ફળ નિવડયું છે. શહેરીજનો દ્વારા ગંદકીના મામલે વારંવાર રજુઆતો કરવામાં આવે છે. પરંતુ નગરપાલિકા સફાઈ વિભાગ અધિકારીઓને ગાંઠતો ન હોય તેમ જણાઈ રહ્યું છે અને શહેરના કેટલાય વિસ્તારો ગંદકીમાં ગરક બનેલા જોવા મળી રહ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરમાં સર્જાયેલી ગંદકીની સમસ્યાથી પિડીત નરજનો દ્વારા ભૂતકાળમાં હોબાળા મચી ચુકયા છે. પરંતુ શહેરના મુખ્ય વિસ્તારોને બાદ કરતા મોટા ભાગના વિસ્તારો ગંદકીમાં ગરકાવ બનેલા છે. શહેરના સ્લમ વિસ્તાર એવા શિવનગર, નવાવાસ, રાજપુર, ગવાડી, ભોપાનગર, રેલ્વે સ્ટેશન, રીજમેન્ટ સહિતના વિસ્તારો ગંદકીથી ખદબદી રહ્યા છે. શહેરમાં સફાઈનું કામ કરતા સફાઈ કર્મીઓ કેટલાક વિસ્તારોમાં ફરકતાં જ નથી. જ્યારે હાજરી પુરી પોતાના પ્રાઈવેટ કામે રવાના થઈ જાય છે. શહેરમાં દરેક વોર્ડમાં કચરો ઉપાડવા માટે એક એક ગાડીની ફાળવણી કરવામાં આવી છે. પરંતુ ગાડીઓ માત્ર એક ઢગલો ભરી રવાના થઈ જાય છે. એટલે ગાડીઓ મારફતે કામ ઓછુ અને ડીઝલ વધારે બળે છે. આમ સફાઈ માટે કરોડો રૂપિયાના ખર્ચે સાધનો વસાવવા છતાં યોગ્ય મેનેજમેન્ટ અને સફાઈ કર્મીઓની લાપરવાહી શહેરને ગંદુ બનાવવામાં કારણભુત હોવાનું ચર્ચાઈ રહ્યું છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# પ્રાંતિજના દલપુર પાસે રૂ. ૧૯ લાખનો દારૂ ભરેલી આઈશર ટ્રક ઝડપાઈ

## ટ્રકમાં દારૂની પેટીઓ પારલેજીના કાર્ટૂનમાં છુપાવી હતી



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા એલ.સી.બી. પોલીસે આજે બાતમીના આધારે પ્રાંતિજના કાટવાડ પાટીયા પાસેથી વિદેશી દારૂ ભરેલી આઈશર ટ્રક ઝડપી પાડી હતી અને બે શખ્સોની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સાબરકાંઠા-અમદાવાદ નેશનલ હાઈ-વે પર દારૂ ભરેલી આઈશર ટ્રક નં. એચ.આર. ૬૩-ડી-૪૦૯૮ રાજસ્થાન તરફથી આવી રહી છે. તેવી બાતમી હિંમતનગર એલ.સી.બી. પોલીસને મળતા તેમને પોતાની ટીમ સાથે હાઈ-વેપર વોચ ગોઠવી હતી. દરમિયાન પ્રાંતિજના દલપુર પાસે પોલીસ આ આઈશર ટ્રકને અટકાવી તેની તપાસ કરી હતી. જેમાં પારલેજી બિસ્કીટના કાર્ટૂન વચ્ચે છૂપાવેલી વિદેશી દારૂ ભરેલી પેટીઓ પોલીસને મળી આવી હતી. પોલીસ તપાસ દરમિયાન રૂ. ૧૯,૬૬,૮૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો, પાંચ લાખની કિંમતની પારલેજી બિસ્કીટનો જથ્થો અને ટ્રક મળી કુલ રૂ. ૩૨.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ટ્રકચાલક દિપક જયનારાયણ હરિજન, રોહિત સમશેર હરિજન બન્ને રહે. બહાદુરગઢ, હરિયાણાવાળાની અટકાયત કરી હતી અને પ્રાંતિજ પોલીસને સોંપી દીધા હતા. જે અંગે પ્રાંતિજ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# રોજડમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

## ગુજરાતભરમાંથી આર્ય કિશોરોએ ભાગ લીધો હતો : જાથાના રાજય ચેરમેન જયંત પંડ્યા

સાબરકાંઠા, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના રોજડ વાનપ્રસ્થ સાધક આશ્રમમાં આર્યવત વિકાસ ફાર્મ ટ્રસ્ટના ઉપક્રમે ગુજરાતભરના આર્ય કિશોરો માટે નવ દિવસીય કિશોર ચારિત્ર્ય નિર્માણ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તાલીમ મેળવેલા કિશોરો-બાળકો અને સાથે પરિવારોમાં વૈજ્ઞાનિક-અભિગમ-દષ્ટિકોણ અને અંધશ્રધ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ ૨૪મી મે શનિવારે આઠ કલાકે મધ્યસ્થ હોલમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાથાના રાજય ચેરમેન જયંત પંડયા વહેમ, અંધશ્રધ્ધા ચમત્કારો ઉપર ધારદાર વકતૃત્વ આપી વૈજ્ઞાનિક સમજ આપશે.

ઉદઘાટન સમારોહમાં મનસુખભાઈ વેલાણી, ચતુરભાઈ પટેલ, રતનશીભાઈ વેલાણી, મહેશભાઈ વેલાણી, જયંતિભાઈ પોકાર વગેરે તજજ્ઞ ખાસ હાજરી આપશે. જયારે જાથાના કલાકાર ઉમેશ રાવ સંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, વિનુભાઈ ઉપાધ્યાય વગેરે સ્થાનિક કાર્યકરો પણ પ્રયોગોમાં ભાગ લેશે તેમ આયોજકોએ જણાવ્યું છે.

### વચનો પુરા કરવા પડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોઈએ તેમ પણ કહ્યું હતું. કાળા નાણા પરત લાવવા વાળા રામદેવને એમ્બેસેડર બનાવજો. મોંઘવારીના મામલે પણ ૧૨ મહીના પછી દેશને જવાબ આપવો પડશે જ્યારે રામંદિરના નિર્માણનો મુદ્દો યાદ કરી તેમણે ગૌ માંસ પકડાય તેવા સંજોગોમાં ૩૦૨ની કલમ લાગુ પાડવા અને નશાબંધી માટે આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ કરવા પણ જણાવ્યું હતું. નવા ૧૦૦ શહેરો બનાવવા ઉપરાંત સી.બી.આઈ.માં પણ જ્યુડિશ્યરી બોર્ડ બનાવવાની વાતનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત પાકિસ્તાની પણ હવે ઢીલા પડી ગયા છે ત્યારે બાંગ્લાદેશીઓને કાઢી મુકી દાઉદને પકડવા સહીતની વાતનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. કેન્દ્ર સરકાર સાથે સંકળાયેલા વિવિધ પ્રશ્ને ગુજરાતને અન્યાય ન થાય તે અંગે પણ તેમણે પોતાના ધારદાર વકત્તવ્યમાં એક પછી એક પ્રશ્નો વણી લીધા હતા.

### ખેડબ્રહ્માના દેવીનગરમાં ઘર આગળથી બાઈક ચોરાયું

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા શહેરના દેવીનગર રહેણાંક વિસ્તારમાંથી ગતરોજ મોડી રાત્રે કોઈ અજાણ્યા શખ્સો બાઈકની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ખેડબ્રહ્મા સ્થિત જનતા બેંકના મેનેજરના મકાનના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલ બાઈકને રાત્રીના સમયે તસ્કરો ઉઠાવી વહેલી સવારે બેંકના મેનેજરે પોતાનું બાઈક ન જોતા આસપાસમાં તપાસ કરી હતી. પરંતુ કોઈ ભાળ ના મળતા આખરે બાઈકના માલિકે ખેડબ્રહ્મા પોલીસમથકમાં જાણ કરતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

### પ્રથમ મહિલા મુખ્યમંત્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતે આપણને તમામ બેઠકો આપી છે, હવે આપણે જનતાની અપેક્ષાઓ પૂરી કરવાની છે. સરકાર ગરીબો માટે, નારીની સુરક્ષા માટે અને ખેડૂતો માટે હોય છે. છેલ્લા દાયકામાં આપણે ગુજરાતમાં અનેક કાર્યક્રમો કરીને ઉચ્ચતમ શિખરે પહોંચાડ્યું છે. તમે ગુજરાતના ગરીબ લોકોને ઉપર લાવ્યા. તમે અમારા પર વિશ્વાસ રાખીને ગુજરાત અમને સોંપ્યુ છે ત્યારે તમે જે રસ્તે ચાલ્યા છો તે જ રસ્તો અમારો રહેશે.

આનંદીબેને કહ્યું કે, તમારા(નરેન્દ્ર મોદીના)સૌનો સાથ, સૌનો વિકાસ' સુત્ર માટે કાર્ય કરીશું. ગુજરાતના વિકાસમાં ક્યાંય ઉની આંચ નહી આવવા દઈએ. આપે(મોદીએ) પક્ષને માતાનું બિરૂદ આપ્યુ છે. તમે જયારે એ બિરૂદ આપ્યુ ત્યારે લાખો કાર્યકરોની આંખો ભીની થઈ ગઈ હતી. તમારા એ શબ્દોએ અમને તાકાત બક્ષી છે. અમે પૂરી પારદર્શકતા સાથે વહિવટ કરીશુ અને આગળ વધીશું તેવી ખાતરી આપુ છું.

આનંદીબેને નરેન્દ્ર મોદીના ગુણગાન ગાતા જણાવ્યું હતું કે, તમે ૨૧મી સદીના મશાલચી છો. આજે ગુજરાતના સીએમ હવે પીએમ બનવા જઈ રહ્યા છે તે ગુજરાત માટે ઐતિહાસિક ક્ષણ છે. ભગવાન કૃષ્ણ યમુનાનો કિનારો છોડીને ગુજરાત આવ્યા હતા. આજે એક લોકનાયક સાબરમતીનો કિનારો છોડીને યમુનાના કિનારે જશે. આજે તમે જઈ રહ્યા છો એટલે એક આંખ રડી રહી છે પણ ૧૨૫ કરોડ લોકોના આંસુ લુછવા જઈ રહ્યા છો એટલે એક આંખ હસી રહી છે. એક બહેનને મુખ્યમંત્રી બનાવવા બદલ આપ સૌનો આભાર.

આ પહેલા નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. મુખ્યમંત્રી તરીકે આજે છેલ્લી વાર ગુજરાત વિધાનસભામાં સંબોધન કર્યા બાદ બપોરે સવા ત્રણ વાગ્યે નરેન્દ્ર મોદી રાજયપાલ ડો. કમલા બેનીવાલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અને ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. આ તકે રાજયપાલ કમલાજીએ મોમેન્ટો આપીને તેમનું સન્માન પણ કર્યુ હતું. આ -સંગે નરેન્દ્ર મોદીની સાથે તેમના સારથિ અમિત શાહ પણ હાજર રહ્યા હતા.

નવા નેતાપદની વરણી બાદ રાજયપાલ સમક્ષ કેબિનેટના શપથવિધિ માટે દાવો કરવામાં આવ્યો હતો, તે પછી વિધાનસભામાં પહોંચીને નરેન્દ્ર મોદીએ મણિનગર વિધાનસભાના એમએલ એ પદેથી પણ રાજીનામું આપી દીધું હતું. આ ક્ષણ પછી તેમણે સચિવાલયના અધિકારીઓ તેમજ કર્મચારીઓની એક જાહેર સભાને સંબોધન કરી તેમની પાસે ગુજરાતમાંથી દિલ્હી જવાની રજા માગી હતી.

આજરોજ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ રાજીનામુ આપ્યા બાદ ભાજપ વિધાનસભા પક્ષની ગાંધીનગર, ટાઉનહોલ ખાતે મળેલી બેઠકમાં નવા નેતાની પસંદગી માટે કેન્દ્ર દ્વારા નિયુક્ત નિરીક્ષક શ્રી થાવરચંદજી ગેહલોતે પ્રક્રિયા હાથ ધરી હતી. વરિષ્ઠ આગેવાન અને ધારાસભ્યશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ વિધાનસભા પક્ષના નવા નેતા તરીકે શ્રીમતી આનંદીબેન પટેલના નામની દરખાસ્ત મુકી હતી. આ દરખાસ્તને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, ધારાસભ્યશ્રીઓ સર્વશ્રી નીતિનભાઈ પટેલ, શ્રી રમણલાલ વોરા, શ્રી ગણપતભાઈ વસાવા અને શ્રી હરિભાઈ સોલંકીએ ટેકો આપ્યો હતો.

નવા નિમાયેલા પક્ષના નેતા શ્રીમતી આનંદીબેન પટેલને પદનામિત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય મહામંત્રી તથા નિરીક્ષક શ્રી થાવરચંદજી ગેહલોત, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી, પ્રદેશ પ્રભારી શ્રી ઓમજી માથુર, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, કિસાન મોરચાના રાષ્ટ્રીય પ્રભારી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા ઉપરાંત પ્રદેશ મહામંત્રીશ્રીઓ અને પ્રદેશ હોદ્દેદારો, ધારાસભ્યશ્રીઓ અને મોરચા-સેલના પદાધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# દાંતીવાડા ત્રણ રસ્તાથી મહુડી સુધીના રોડ પેવરમાં છબરડા

## અધિકારીઓની હાજરી છતાં કરોડોના કામમાં વેઠ જીમેદાર કોણ કોન્ટ્રાક્ટર કે પછી જવાબદાર અધિકારીઓ ?

દાંતીવાડા, તા. ૨૧



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા તાલુકામાં કેન્દ્ર સરકારે વિકાસના કામોમાં સારા એવા નાણા ફાળવી રોડ રીપેર કામ હાથ ધર્યા છે, પરંતુ જવાબદાર અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરો જાણે કામમાં છબરડા કરી સરકારી તિજોરીના નાણા હડફ કરી રહ્યા હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ દાંતીવાડા ત્રણ રસ્તાથી માંડીને મહુડી ગામ સુધી કેન્દ્ર સરકારની ૪.૨૯ કરોડની ગ્રાન્ટના ખર્ચે રોડનું પેવર કામ કરાયું છે, જે કામમાં હનુમાન પુરાથી ભકોદર ગામની વચ્ચે અંદાજીત બે કિલોમીટર સુધીના અંતરમાં રોડની એક સાઈડમાં ડામર ભેગો થઈ ગમે તેમ પાળી જેવા સ્વરૂપમાં ઉબડખાબડ હાલતમાં છે, તેમજ ગમે ત્યાં સાંધા મારી કામમાં છબરડા કરાયા છે, રોડના કામ વખતે અધિકારીઓની હાજરી હોવાનું આડુબાજુના લોકોમાંથી જાણવા મળ્યું હતું. અધિકારીઓ હાજર છતાં કરોડોના કામમાં ગેરરીતી થતી હોય તો ખરાબ કામની જીમેદારી કોની ગણી સકાય કોન્ટ્રાક્ટર કે પછી જવાબદાર અધિકારીઓની જે તપાસનો વિષય છે અને હવે જોવું રહ્યું કે આ કામને સુધારવામાં આવે છે કે પછી આંખ આડા કામ કરી સરકારી તિજોરીના નાણા કોન્ટ્રાક્ટરના હવાલે કરી દેવાશે.

### તેજ ગતિથી વિકાસ કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શોધી લાવવાની સંસ્થાકીય વ્યવસ્થા તેમણે તંત્રમાં વિકસાવી છે તેનો ઉલ્લેખ તેમણે કર્યો હતો.

રાજયનું ભલું કરવાની વ્યવસ્થા આ સરકારે નવા પ્રયાસોથી વિકસાવી છે તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

વ્યકિત તો આવે ને જાય પણ સંસ્થાગત વ્યવસ્થા વિકસાવી છે તેથી સંસ્થાઓને સશકત બનાવવા પ્રયાસ કરી નવા આઈડિયાને ઈન્સ્ટીટયુશનાલાઈઝ કરીને કંઈક નવું આપવાનો પ્રયાસ તેમની સરકારે કર્યો છે. ઈન્સ્ટીટયુશનલ નેટવર્ક અને ફ્રેમવર્કને બારીકાઈથી વિકસાવીને ગુજરાત ઊર્જાવાન રાજય બને એવો પ્રયાસ કર્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

વિપક્ષના નેતાએ કેન્દ્ર સમક્ષ ગુજરાતના અનેક પ્રશ્નોની લાંબી યાદી ગણાવી છે તે બતાવે છે કે યુપીએ સરકારે ગુજરાતના કેટકેટલા પ્રશ્નોનું નિરાકરણ જ કર્યું નથી તેમ નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

દેશની નવી જવાબદારી વિશેષ દાયિત્વ ધરાવે છે અને દેશના તમામ ભાગોનું સંતુલન કરીને, સમાધાન કરવું છે.

દેશ સામે સંકટો ખૂબ છે તો સમાધાન પણ છે. દેશના યુવાનોની મોટી અપેક્ષા છે તેમને અવસર મળે તે દિશામાં હું પ્રતિબધ્ધ રહીશ તેવો નિર્ધાર મોદીએ વ્યકત કર્યો હતો.

તેમણે જણાવ્યું કે લોકશાહી તંત્રમાં રાજકીય ગતિવિધિ જ નથી હોતી. જનતા સાથે સંવેદનશીલતાનો નાતો હોય છે. આ મોટી જવાબદારી છે અને મારામાં મને જેટલો વિશ્વાસ છે તેના કરતાં આપ સહુની, જનતાની શુભેચ્છા મને મોટી શકિત અને પ્રેરણા આપશે.

વિધાનગૃહમાં હું ઘણું ઓછું બોલ્યો છું પણ મેં નક્કી કર્યું હતું કે મારે ગૃહમાં બધાને સાંભળવા છે તેમાં ઘણી બધી સકારાત્મક બાબતો હોય છે અને સરકાર તેનો ધ્યાનપૂર્વક અમલ કરે તેવું અમે વિચારેલું હતું તેનો પ્રતિભાવ સરકારના બજેટ અને રાજયપાલ જ પ્રવચનમાં પડેલો જ હતો.

બાર વર્ષના કાર્યકાળમાં મારી શકિત પ્રમાણે મેં કામ કર્યું છે પણ કયાંક ઉણપો, મર્યાદા વચ્ચે જાણે કોઈ ક્ષતિ રહી હોય તો મિચ્છામી દુક્કડમ તેમ પણ તેમણે ભાવસભર સ્વરે જણાવ્યું હતું.

આપણે સહુ ગુજરાતની સેવામાં રહેલા છીએ અને વધુ જોમ ઉત્સાહથી સેવા કરતા રહીશું એમ જણાવી તેમણે પ્રતિપક્ષના સહકાર અને ગૃહના સુમેળભર્યા વાતાવરણનો આભાર માન્યો હતો.

આ વિશેષ સત્રની ચર્ચામાં નરેન્દ્રભાઈ મોદીને સભાગૃહે અંતકરણના અભિનંદન અને શુભેચ્છા અધ્યક્ષ, વિપક્ષના નેતા તથા શાસક પક્ષ અને વિરોધ પક્ષના સભ્યોએ આપ્યા હતા. અત્યંત હૃદયસ્પર્શી ભાવનાસભર માહોલમાં સહુએ ભારતના વડાપ્રધાન પદે જઈ રહેલા નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતમાંથી ઉષ્માસભર વિદાયમાન આપ્યું હતું.

મોદીને વિદાય આપવા યોજાયેલા આ સત્ર દરમિયાન ભાજપના અમિત શાહે પણ ગૃહમાં મોદીના શાસનકાળમાં થયેલા કામોને બિરદાવી આગામી ૫ વર્ષના અંતે સમગ્ર દેશે ગુજરાત પર મુકેલો વિશ્વાસ એળે ગયો નથી તે વાત નિશ્ચિત થશે. આઝાદી બાદ ઐતિહાસિક જનાદેશ મળ્યો છે. મંત્રી નીતિનપટેલે પણ ભાવિ વડાપ્રધાન દેશને ગરીબી, ભ્રષ્ટાચાર, મોંઘવારી સહીતના રોગોમાંથી ઉગારશે તેવો વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો. આનંદીબેન પટેલે પણ ગુજરાત મોડેલની વિશ્વમાં નોંધ લેવાઈ હોવાનું જણાવી મોદી ગુજરાતની જેમ પ્રત્યેક ભારતવાસીઓના હૃદયમાં સ્થાન મેળવશે તેમ જણાવ્યું હતું. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ આ તબક્કે ગાંધીજી, સરદાર પટેલ, ધીરુભાઈ અંબાણી, મોરારજી દેસાઈ બાદ નરેન્દ્ર મોદીને પાંચમા ગુજરાતી તરીકે ગણાવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD
ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧